# હોસ્પિટલોમાં સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડ્યા-ઉત્તર ગુજરાતમાં કોરોનાનો આતંક, ૧૫ દિવસમાં વિક્રમી ૧૭૮ મોત

## સાબરકાંઠામાં સૌથી વધુ મોત, અરવલ્લીમાં ઓછા મૃત્યુ..!!





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ઉત્તર ગુજરાતમાં કોરોનાએ આતંક મચાવ્યો છે પાછલા ૧૫ દિવસમાં કોરોનાથી વિક્રમી ૧૭૮ દર્દીઓનાં મોત નિપજ્યાનું આરોગ્ય વિભાગે સ્વીકાર્યું છે. સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૫૫ ત્યારબાદ બનાસકાંઠા ૪૬, મહેસાણામાં ૩૭ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે સૌથી ઓછા મોત અરવલ્લીમાં માત્ર ૧૮ દર્શાવ્યા છે. કોરોનાનું સંક્રમણ દિવસે..દિવસે બેકાબુ બનતાં ખાનગી હોસ્પિટલો ચેપગ્રસ્ત દર્દીઓથી ઉભરાઈ રહી છે. જ્યાં સોશ્યલ ડિસ્ટન્સના લીરા ઉડતાં આવનારા દિવસો વધુ વિકટ બની શકે છે.

સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારને કોરોના વાવાઝોડાએ હચમચાવી નાખ્યું છે. અગાઉ જૂજ ગામડાઓ સુધી કોરોનાનું સંક્રમણ હતું તે હવે લગભગ દરેક ગામડાઓ સુધી પહોંચ્યું છે. પહેલાં ગામમાં માંડ એક કેસ આવતો હતો હવે અત્યારે તો ઘર દીઠ કોરોનાના સંક્રમિત દર્દીઓ નોંધાયા છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ૯૩૪૬ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. જે આંક અત્યંત ચોંકાવનારો છે પાછલા ૨૪ કલાકમાં ૨૧ લોકો કોરોના સામે જીંદગીનો જંગ હારી ગયા છે. આ લખાય છે ત્યારે ઉત્તર ગુજરાતની અનેક હોસ્પિટલોમાં રેમડેસિવિર ઈન્જેકશનની અછત મુદ્દે દર્દીઓના સગાઓમાં તંત્ર સામે રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. કોરોનાની બીજી લહેરમાં બાળકો પણ મોટી સંખ્યામાં સંક્રમિત થયા છે. જે રીતે સ્મશાન ગૃહના મોતના આંકડા બહાર આવે છે તે જોતાં તંત્રના છેલ્લા ૧૫ દિવસમાં ૧૭૮ લોકોના મોતના આંકડા બાબતે આશંકા ઉભી થઈ છે. જે રીતે સ્મશાન ગૃહોમાં લાકડાંની અછત અને સગળા પીગળવાની ઘટનાઓ નોંધાઈ તે બાબત કોરોનાના ભયંકર સ્વરૂપને સમર્થન આપી રહી છે. સરકાર અને તેનો આરોગ્ય વિભાગ કોરોના ચેપગ્રસ્ત દર્દી અને મૃત્યુના આંકડા છૂપાવે પરંતુ જે ગામમાં સંક્રમિત દર્દીઓના મોત નિપજે છે તે છૂપા રહેવાના નથી. મોટાભાગના દર્દીઓ મોતને ભેટ્યા છે તેમાં સમયસર ઓક્સિજન ન મળવાનું મુખ્ય કારણ છે.

**પાછલા ૧૫ દિવસમાં મૃત્યુ દર ઉંચકાયો..**

| જિલ્લો | મૃતક |
|---|---|
| અરવલ્લી | ૧૮ |
| બનાસકાંઠા | ૪૬ |
| મહેસાણા | ૩૭ |
| સાબરકાંઠા | ૫૫ |
| પાટણ | ૨૨ |

# બાયડ પાલિકાની વિવિધ સમિતિઓની રચના, વિપક્ષ કોંગ્રેસ હાજરી પુરાવી રવાના

## એ.પી.એમ.સી. બાયડના પ્રતિનિધિ તરીકે અરવિંદભાઈ પટેલની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ નગરપાલિકાની સામાન્ય સભા બુધવારે બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, ચીફ ઓફીસર સાવિબેન સોનીની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ. વિપક્ષ કોંગ્રેસે એજન્ડાના કામ નં.૧ માં હાજરી પુરાવી તમામ ૭ સભ્યો રવાના થઈ ગયા હતા. પાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનની નિયુક્તિની સાથે પસંદગી સમિતિના સભ્ય તરીકે અશોકભાઈ લવજીભાઈ પટેલ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-બાયડના પ્રતિનિધિ તરીકે અરવિંદભાઈ જેઠાભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી હતી. જ્યારે બાંધકામ સમિતિના ચેરમેન તરીકે ભરતભાઈ સુરેશભાઈ પટેલ, ગટર વ્યવસ્થા યોજના સમિતિના ચેરમેન કંચનબેન મુકુંદભાઈ પટેલની નિયુક્તિ થઈ હતી.



બાયડ નગરપાલિકામાં ભાજપે સત્તા સંભાળ્યા પછી બીજી સામાન્ય સભા પાલિકાના સભાખંડમાં યોજાઈ ગઈ જેમાં કારોબારી સમિતિની રચનાની સાથે અધિકારો સુપ્રત કરાયા હતા ત્યારબાદ અન્ય સમિતિઓની રચનાની સાથે વિકાસના કામોના આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. બાયડ પાલિકામાં છેલ્લા ૫ વર્ષથી સી.સી.ટીવી કેમેરા બંધ હાલતમાં છે જેથી વાયરલેસ કેમેરાથી બાયડને સજ્જ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**કારોબારી સમિતિના સભ્યો...**

અશોકભાઈ લવજીભાઈ પટેલ
હર્ષદભાઈ રેવાભાઈ પટેલ
ભરતભાઈ સુરેશભાઈ પટેલ
મીનાબેન મનહરભાઈ પટેલ
કંચનબેન મુકુંદભાઈ પટેલ
જીજ્ઞાશાબેન સુનિલભાઈ રાઠોડ
અરવિંદભાઈ જેઠાભાઈ પટેલ
આશાબેન મનુભાઈ વસાવા

**વિવિધ સમિતિના ચેરમેન..**

વ્યવસાય વેરા સમિતિ : ગાયત્રીબેન પ્રવિણભાઈ પટેલ
જાહેર બાંધકામ સમિતિ : ભરતભાઈ સુરેશભાઈ પટેલ
આરોગ્ય અને સેનેટરી સમિતિ : જ્યોતિકાબેન જતિનકુમાર પટેલ
એસ્ટાબ્લિશમેન્ટ કમીટી : સ્નેહલકુમાર જગદીશભાઈ પટેલ
વીજળી અને દિવાબત્તી સમિતિ : હર્ષદભાઈ રેવાભાઈ પટેલ
ગટર વ્યવસ્થા સમિતિ : કંચનબેન મુકુંદભાઈ પટેલ
સમાજ કલ્યાણ સમિતિ : કૈલાસબેન મેહુલભાઈ સોલંકી
પાણી પુરવઠા સમિતિ : અરવિંદભાઈ જેઠાભાઈ પટેલ
ગુમાસ્તા ધારા સમિતિ : પ્રકાશભાઈ ઈશ્વરભાઈ સોલંકી
આકારણી સમિતિ : અશોકભાઈ લવજીભાઈ પટેલ
વાહન વ્યવહાર સમિતિ : આશાબેન મનુભાઈ વસાવા
શિક્ષણ અને રમત-ગમત, સાંસ્કૃતિક અને ઉત્સવ સમિતિ : ભાવનાબેન અતુલકુમાર જોષી
સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના સમિતિ : મીનાબેન મનહરભાઈ પટેલ
દબાણ સમિતિ : અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ
સ્વચ્છ ભારત અભિયાન સમિતિ : જીજ્ઞાશાબેન સુનિલભાઈ રાઠોડ
પ્રધાનમંત્રી આવાસ યોજના સમિતિ : રાધાબેન જગદીશભાઈ ચૌહાણ

# ડીસા ગાંધી ચોક વિસ્તારમાં એક જ રાતમાં પાંચ દુકાનોના તાળા તૂટતા ચકચાર મચી

ડીસા, તા. ૨૯

એક બાજુ કોરોના મહામારીને લીધે લોકો ઘર માં બેસી રહ્યા છે ત્યારે તસ્કરો કોરોના માં પણ ગાંધીચોક વિસ્તારમાં પાંચ દુકાનોને નિશાન બનાવી પરચુરણ ની ચોરી કરી ફરાર થઈ જતા વેપારીઓમાં ફફડાટ સાથે ગભરાટ વ્યાપી જવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ગાંધીચોક વિસ્તારમાં આવેલ ભારત ટ્રેડર્સ સહિત કરિયાણાની અનાજ ની પશુ આહાર ની દુકાનો ના તાળા તોડી તિજોરી માં પડેલ પરચુરણ ની ચોરી કરી રાત્રી અધરા માં ફરાર તસ્કરો ફરાર થઈ જતા શહેરીજનો માં ગભરાટ સાથે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે ડીસા દક્ષિણ પોલીસ ની રાત્રી પેટ્રોલીંગ અંગે વેપારીઓ એ સવાલ ઉઠાવી રોષ વ્યક્ત કર્યો હતો થોડા દિવસ અગાઉ આ જ વિસ્તારમાં પાંચ દુકાનો ના તાળા તોડી તસ્કરોએ ચોરી કરવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે આજે ફરી ચોરો ની ઘટના બનતા વેપારીઓ માં ડીસા દક્ષિણ પોલીસ સામે રોષ ઠાલવ્યો હતો.

**કોરોના વેક્સિનેશન રજીસ્ટ્રેશનનો ફિયાસ્કો**

# ઉત્તર ગુજરાતમાં એપ સર્વર ડાઉન થઈ જતાં રજીસ્ટ્રેશન કરાવનારા ગીન્નાયા

## ડેટા અપડેટ થયા ન હોવાથી અરવલ્લી જિલ્લાના અનેક સેન્ટરો ગાયબ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

રાજ્ય સરકાર દ્વારા ૧૮ વર્ષથી ઉપરના તમામ માટે કોરોના મફત રસીકરણ ઝુંબેશ માટે તા.૨૮ એપ્રિલથી રજીસ્ટ્રેશન શરૂ થયું પરંતુ રજીસ્ટ્રેશન કરાવનારાઓની દેશ વ્યાપી સંખ્યા વધી જતાં એપ સર્વર ડાઉન થઈ ગયું હતું. કેટલાક નસીબવંતા યુવાનોના રજીસ્ટ્રેશન થઈ ગયા પરંતુ બપોર બાદ રજીસ્ટ્રેશન કરાવવા માટે ૭ કોઠા વિંધવા જેવી સ્થિતિ હતી. વારંવાર રજીસ્ટ્રેશન ફેલ થતાં કોરોનાની રસી માટે રજીસ્ટ્રેશન કરવાના પ્રયત્ન કરી રહેલા અનેક યુવાનો ગીન્નાયા હતા. જ્યારે અરવલ્લી જિલ્લામાં ડેટા અપડેટ થયા ન હોવાથી અનેક સેન્ટર ગાયબ હતા. માત્ર ભિલોડા તાલુકાના ૨ થી ૩ આરોગ્ય કેન્દ્રોના નામ રજીસ્ટ્રેશન માટે જોવા મળ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાએ કહેર વર્તાવ્યા પછી હવે વેક્સિનેશન ઉપર સરકારે વધુ ભાર મૂક્યો છે. તા.૧ મે. થી ૧૮ વર્ષથી ઉપરના તમામને મફત કોરોના રસી માટેની રાજ્ય સરકારે તૈયારીઓ શરૂ કરી છે તે પૂર્વે ૩ દિવસ અગાઉ રજીસ્ટ્રેશનની શરૂઆત થઈ. કોવિન પોર્ટલ સર્વર ઉપર રજીસ્ટ્રેશન શરૂ થતાંની સાથે જ એકાએક લોડ વધી જતાં સર્વર ડાઉન થઈ ગયું હતું જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં રજીસ્ટ્રેશન કરાવવા ઝંખતા યુવાનો વારંવારના પ્રયાસો છતાં સફળ રહ્યા ન હતા અને મનોમન ગીન્નાયા હતા. કેટલાક કિસ્સાઓમાં રજીસ્ટ્રેશન થાય તો એપોઈન્ટમેન્ટ મળતી ન હતી અને તેના કારણે એક તબક્કે તો સર્વર ક્રેશ થયાની વાતો શરૂ થઈ હતી જો કે તેમાં તથ્ય ન હતું ત્યારબાદ ક્યારેક સર્વર ચાલુ થતાં કેટલાક યુવાનોના રજીસ્ટ્રેશન થયા હતા પરંતુ રજીસ્ટ્રેશન કર્યા પછી પણ પોતાના ગામ અને આસપાસના સેન્ટરો ઉપર રસીકરણ ઉપલબ્ધ ન હોવાનું જણાતાં તંત્રની ડેટા અપડેટ નહીં કરવાની ગંભીર બેદરકારી સામે પણ લોકરોષ જોવા મળ્યો હતો.

**રાષ્ટ્રીય ગ્રાન્ટેડ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા કોવિડ રસી સબંધિત જાણકારી આપી**

બાયડ : કોરોનાના વધતા ભયંકર સંક્રમણથી મોતનું તાંડવ રચાયું છે ત્યારે પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં પણ કોરોના હાવિ થઈ ગયો છે આ સંજોગોમાં કોવિડ-૧૯ રસીકરણ કરાવ્યું હોય તો શું આપણે સુરક્ષિત રહેશું તેવા અનેક સવાલો ઉભા થાય તે સ્વાભાવિક છે આ સંજોગોમાં રાષ્ટ્રીય ગ્રાન્ટેડ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા કોવિડ-૧૯ રસીકરણ સબંધિત તમામ તમામ પ્રશ્નોના જવાબના રંગીન ચિત્ર સાથે જાણકારી આપવાનો પ્રયાસ થયો છે જેમાં..

૧ રસીકરણથી જીવ બચે છે, રોગ પ્રતિકારકતા વધે છે અને આપણને તેમજ આપણા સમુદાયને બિમારી સામે રક્ષણ મળે છે.
૨ આપણી જાતને, આપણા પરિવારને, મિત્રોને અને સમગ્ર સમુદાયને ચેપ લાગવા સામે રક્ષણ આપવા માટે રસી લેવી ખુબ જ જરૂરી છે.
૩ આ રસી વિવિધ પ્રકારના સઘન પરીક્ષણો અને સલામતીના પ્રોટોકોલમાંથી પસાર થયા પછી તૈયાર કરવામાં આવી છે અને જનતામાં તેનું વિતરણ કરવામાં આવે છે.
૪ રસી ખુબ જ ટૂંકા સમયમાં તૈયાર કરવામાં આવી છે તે વાત સાચી છે પરંતુ તેને તમામ જરૂરી પ્રોટોકોલમાંથી પસાર કરવામાં આવી છે.

# શિક્ષણ તંત્ર ઉપર કુદરતની વજ્રઘાત : બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું કોરોનાથી મોત

## તબિયત વધુ બગડતાં વડોદરા લઈ જવાતા હતા ત્યારે રસ્તામાં દમ તોડ્યો, પ્રા.શિક્ષક આલમમાં શોકનું મોજુ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

કોરોનાએ શિક્ષણ તંત્રને ઘેરા આઘાત આપવાનું શરૂ કર્યું છે. બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન. એમ. તરાલનું કોરોનાથી મોત નિપજતાં પ્રા.શિક્ષક આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તાજેતરમાં જ કોરોનાના કારણે જિલ્લાના ૩ પ્રા.શિક્ષકોના મોત નિપજ્યા પછી પ્રા.શિક્ષકો આઘાતમાંથી બહાર આવ્યા નથી ત્યાં વધુ એક તાબાના અધિકારીને કોરોના ભરખી જતાં શિક્ષણ જગતમાં ભયનો માહોલ ઉભો થયો છે.

કોરોનાના કપરા કાળમાં શાળાઓ અને શિક્ષણ શાખાઓ ચાલુ રાખવાના તંત્રના તઘલખી નિર્ણયથી અનેક પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું ત્યારે શાળાઓ તા.૫ એપ્રિલથી બંધ કરવાની સરકારની સૂચના હોવા છતાં વિભાગના અધિકારીઓની અંદરો અંદરની હુંસાતૂંસીના કારણે શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ પરંતુ શિક્ષકોની હાજરીથી શાળાઓ ખૂલ્લી રાખવામાં આવી હતી જેના કારણે એક પછી એક પ્રા.શિક્ષકો કોરોનાગ્રસ્ત બન્યા અને તે પૈકીના કેટલાક પ્રા.શિક્ષકોના મોત નિપજતાં શિક્ષણ જગતમાં હાહાકાર મચી ગયો છે. જ્યારે શિક્ષણ શાખાઓમાં પણ કોઈને કોઈ કામ માટે મુલાકાતીઓની સંખ્યા વધી હતી અને તેનું સીધું સંક્રમણ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને સહાયક સ્ટાફને સંક્રમિત કરે તેવી આશંકા હતી અને બન્યું પણ એવું જ. બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન. એમ. તરાલને એક સાથે બે તાલુકાના ચાર્જ સોંપવામાં આવ્યા હતા. જેથી અપડાઉન અને ઓફીસના કામકાજ દરમ્યાન તેઓ સંક્રમિત થયા. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી ગત રાત્રે તબિયત એકાએક બગડી અને જરૂરી ઈન્જેકશન જિલ્લામાં ઉપલબ્ધ ન હોવાથી પરિવારજનોએ તેમને સારવાર માટે વડોદરા ખસેડવાનો નિર્ણય લીધો પરંતુ કોરોનાનું સંક્રમણ તેમના માટે પ્રાણઘાતક બન્યું હોય તેમ કપડવંજ નજીક જ તેઓએ અંતિમ શ્વાસ ભર્યા હતા. અત્યંત મિલનસાર અને સરળ સ્વભાવ ધરાવતા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના મોતથી પ્રા.શિક્ષકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.




# દર્દીઓ ભગવાન ભરોસે : સાબરકાંઠા કલેક્ટર કચેરી આગળ રેમડેસિવિર ઈન્જેક્શનનો સ્ટોક ન હોવાનું બોર્ડ લાગ્યું

## કાળા બજારીયાઓને દોડવું હતું ને ઢાળ મળ્યો..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તંત્રના પાપે કોરોના દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા છે. રેમડેસિવિર ઈન્જેક્શનનો પૂરતો જથ્થો હોવાનો દાવો કરતા સાબરકાંઠા વહીવટી તંત્રએ આખરે હાર સ્વીકારી છે. સાબરકાંઠા કલેક્ટર કચેરી આગળ રેમડેસિવિર ઈન્જેક્શનનો સ્ટોક ઉપલબ્ધ ન હોઈ કોઈએ મળવા આવવું નહીં તેવું બોર્ડ(સ્ટીકર) લાગતાં જિલ્લાના કોરોના દર્દીઓના સગાઓ ભગવાન ભરોસે થઈ ગયા છે. હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થઈ રહ્યાની લોકચર્ચા વચ્ચે કાળા બજારીયાઓને દોડવું હતું ને ઢાળ મળ્યો..ની સ્થિતિ સામે આવી છે.




ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનની વધુ અછત માટે જવાબદાર કોણ..?? જવાબદાર તંત્રએ પોતાના મળતિયાઓને સાચવવા માટે અગાઉ મન ફાવે તે રીતે સ્ટોકીસ્ટો મારફતે ખાનગી ડોક્ટરોને રેમડેસિવિર ડોક્ટરોને મોટો જથ્થો આપ્યો અને કોવિડ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ ઈન્જેક્શન વગર કણસતા રહ્યા. આખરે ધીરે ધીરે તંત્રની મેળાપીપણાની વાતો જાહેર થયા પછી એકાએક પાબંધી આવી અને ત્યાર પછી તો રાજ્ય સરકારે જ વિતરણ વ્યવસ્થા સંભાળતાં અત્યારે સ્થિતિ એ આવી છે કે સાબરકાંઠા જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનની રાહ જોતા ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા છે. છેલ્લા ૨ દિવસથી સાબરકાંઠા કલેક્ટરની કચેરી આગળ રેમડેસિવિર ઈન્જેક્શનનો સ્ટોક ઉપલબ્ધ ન હોઈ કોઈએ મળવા આવવું નહીં તેવું બોર્ડ ચીપકાવી દીધું છે. તો પછી હિંમતનગર, મોડાસા, બાયડ સહિતના વિસ્તારોમાં રેમડેસિવિર ઈન્જેક્શન કોણ પહોંચાડે છે અને કાળા બજાર કેવી રીતે થઈ રહ્યું છે..?? તેની તપાસમાં તંત્ર રસ દાખવશે ખરૂં..??

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભીની
શ્રદ્ધાંજલિ



સ્વ. ભીખીબેન મણીભાઈ પટેલ
સ્વ. તા.૩૦-૪-૨૦૨૦, ગુરૂવાર
આકરૂન્દ, જિ. અરવલ્લી

મહેંકતું જીવન વ્યતિત કરી,
સ્નેહની સૌરભ મૂકી
જનારા આપ,
આજે પણ
અમારી વચ્ચે જ છો,
ધૂપસળીની એ મહેંકમાં,
આપે સ્નેહથી સીંચેલી
બાગની સૌરભમાં જીવંત છો,
આજે પણ જીવંત છો અમારા
સૌના હૃદયમાં,
એવા અમારાં સ્વજનને
માઁ ગાયત્રી
પરમ શાંતિ બક્ષે...

લી..

પ્રવિણ મણીભાઈ પટેલ
(પ્રમુખ : શ્રી આકરૂન્દ કેળવણી મંડળ)
(કારોબારી અધ્યક્ષ : નગરપાલિકા, બાયડ)

રેખા પ્રવિણ પટેલ
ઋગ્વેદ પી. પટેલ
યજુર્વેદ પી. પટેલ

તથા રેવાભાઈ હાથીભાઈ પટેલ પરિવાર
એ-૧, સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧, બાયડ, જિ. અરવલ્લી